# 18 હુકમ માલિક

- ચિનુ મોદી

**નીચેના દરેક પ્રશ્નના ઉત્તર એક વાક્યમાં લખોઃ**

1. અધિકાર જીનને પોતાના નોકર સાથે શા માટે સરખાવે છે?
2. જીન ક્યારે પ્રગટ થાય છે?
3. અધિકાર જીનને પ્રગટ થતી વખતે અને અદૃશ્ય થતી વખતે શું કરવાનું કહે છે?
4. અધિકારને કેવા બૂટ લેવાનો અભરખો હતો?
5. જીન કેવા પ્રકારનું નૃત્ય કરે છે?

**નીચેના દરેક પ્રશ્નના ઉત્તર ત્રણ-ચાર વાક્યમાં લખોઃ**

1. અધિકાર જીનને કેવી રીતે હાસ્ય કરવાનું કહે છે?
2. અધિકારનું ચાઈનિઝ શૂઝ લેવાનું સ્વપ્ન સાકાર થયા પછીની મજબૂરી વર્ણવો.
3. અધિકારની જીન મળ્યા પહેલાની હાડમારી વર્ણવો.

4. અધિકાર જીનને પોતાની સાથે અમસ્તી જ વાતચીત કરવાનું કહે છે ત્યારે જીન શી વાત કરે છે?

**નીચેના પ્રશ્નના ઉત્તર આશરે સો શબ્દોમાં લખોઃ**

1. અધિકારનાં આનંદ અને મનોવેદના આ એકાંકીના આધારે ચર્ચો.

2. અધિકાર અને જીનની ભૂમિકા ધીરે-ધીરે પરસ્પર બદલાઈ જાય છે સમજાવો.

**નીચેના દરેક પ્રશ્નના ઉત્તર પૂરા વાક્યમાં લખોઃ**

1. અધિકારના નોકરનું નામ જણાવો.

2. આ કૃતિનો સાહિત્યપ્રકાર જણાવો.

3. આ કૃતિના સર્જકનું નામ લખો.

**નીચેનાં વાક્યોમાં રેખાંકિત શબ્દને સ્થાને યોગ્ય પ્રત્યય લખોઃ**

1. તારાથી કોદર જેટલીય સૂઝ નથી.

2. ભાઈ, આટલું મોટેનું શું કામ બોલે છે?

3. બૂટમાં દોરી છોડવા તે નીચો નમે છે.

**નીચેનાં વાક્યો માગ્યા પ્રમાણે પરિવર્તન કરીને લખોઃ**

1. તું તો સાવ કોદરની જેમ વર્તે છે. (ભાવેવાક્ય બનાવો.)

2. મારાથી ઑફિસેથી થાક્યાપાક્યા ઘરે અવાય. (કર્તરિવાક્ય બનાવો.)

3. તેમણે પ્રવિણભાઈને પત્થર લાવવા કહ્યું. (શુદ્ધ બનાવો.)

**નીચેનાં વિધાનોને લેખનરૂઢિ અને ભાષાશુદ્ધિની દૃષ્ટિએ સુધારોઃ**

1. મારાં સપનાં પૂરાં કરશોમાં ભવાની.

2. મે આવતા પહેલા સરત મુકી હતી.

3. દીવાળીએ પ્રગટે છે ઘેર ઘેર દિવા.

**સમાનાર્થી શબ્દો સામસામે ગોઠવોઃ**

| | | |
|---|---|---|
| **પથ્થર** | જોડા | દાસ |
| **શૂઝ** | સેવક | આજ્ઞા |
| **નોકર** | ફરમાન | પગરખાં |
| **હુકમ** | ઉપલ | પહાણ |

**નીચેના શબ્દોનો અર્થભેદ દર્શાવોઃ**

1. દ્વીપ - ______ દ્વિપ - ______
2. રાશિ - ______ રાશી - ______
3. સારું - ______ સારુ - ______

**નીચેના શબ્દોનો વિરોધી શબ્દ સામે લખોઃ**

1. માલિક - ______ 2. પસંદ - ______ 3. અભિશાપ - ______
4. નિરાંત - ______ 5. વખાણ - ______ 6. અંબર - ______

**નીચેના શબ્દસમૂહ માટે એક-એક શબ્દ લખોઃ**

1. ખડખડાટ હસવું તે - ______
2. મડદાની જેમ - ______
3. આંખનો પલકારો માર્યા વિના - ______
4. ચીલ-સમડીની જેમ ઝડપવું તે - ______
5. રંગમંચનો પાછળનો ભાગ - ______

**નીચેનાં વિધાનોને વિચાર-વિકાસના ક્રમમાં ગોઠવોઃ**

અધિકાર : લાવ....ચા...કડક કમસકર લિપ્ટન

અધિકાર : છોડેલી ઘેરી ફરીથી બાંધી દે.

અધિકાર : જરાક સુંદર.... લલિત પ્રકારનું નૃત્ય બતાવ.... મારો હુકમ છે.

______

______

______

______

______

•